સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

ખાયકી ના નશામાં ઝૂમ થઇ જાય છે,
પછી પ્રજા અને કોર્ટમાં, બૂમ થઇ જાય છે,
સૂમ થઇ જાય છે નેતાઓ કૌભાંડ ફૂટ્યા પછી -
માને સૌને મૂર્ખ, ફાઇલો ગૂમ થઇ જાય છે!
(કોલસા નો કાળો વ્યવહાર)

હાઈકુ

'ગાદી' ખેલમાં
ને પોલીસો જેલમાં -
નેતા ગેલમાં
(કાયદાની માખી તેલમાં)

ભાવ સાંભળી,
પ્રજા પડે છે માંદી -
સોનું ને ચાંદી..
(રૂા.નો રણકો ખોખરો)

ચિંતન

અંતઃ સારવિહીના ના મુપદેશો ન જાયતે ।
માલયા ચલ સંસર્ગાત્ ન વેણુ શ્ચન્દનાયતે ॥

'ચાણક્ય નીતિ'માંથી આ શ્લોક છે :

'જે વ્યક્તિઓમાં કોઇ પણ જાતની આંતરિક યોગ્યતા હોતી નથી અર્થાત જે અંદરથી અક્કલ વગરના, ખોખલા અને ખાલી હોય છે એવા વ્યક્તિઓને કોઇ પણ પ્રકારની સલાહ-સૂચન કે બોધ આપવો નહીં. આપવાથી એ વ્યર્થ જ જવાનો છે. જે પ્રકાર મલયાચલ પર્વત પરથી આવતા સુગંધી પવનો - હવા સુગંધિત હોય છે પણ એ હવાની લ્હેરખી વાંસના વનમાંથી પસાર થઇને આવે ત્યારે પણ વાંસના વનમાં સુગંધ પેદા કરી શકતી નથી. અર્થાત આવા બુદ્ધિના સળંગ વાંસ જેવા માનવીઓ ને ઉપદેશથી કંઇ જ ફર્ક ફડતો નથી.'

રાજસભા અને લોકસભામાં માત્ર ઉદ્યોગપતિઓ કે ગુનાઇતોના કરોડો રૂપિયાથી ચૂંટાયેલા નેતાઓ 'સંસદ-સભ્ય' તો થઇ જાય છે પણ અંદરથી એવા તો તદ્દન ખોખલા-ખાલી અને બુદ્ધિવગરના હોય છે, એમને બે લીટી 'નિવેદન'ની બોલતાં આવડતી નથી અને કદાચ જોગ-ભોગ લાગ્યા હોય ને બે શબ્દ બોલી પણ નાખે તો માત્ર 'બફાટ' જ હોય - કારણ કે એમને બુદ્ધિ-જ્ઞાન સાથે સ્નાન-સૂતકનો સંબંધ જ હોતો નથી.

આવા લોકોને ઉપદેશ આપવો, સમજાવવાનો કોઇ જ અર્થ નથી.

સુવિચાર

- પડછાયો માપનાર કદી પોતાની લંબાઇ માપી શકતો નથી - **જર્મન કહેવત**
- ક્યારેક હસતા ક્યારેક રોતા મૂકી દે આ જીંદગીના પૂર્ણવિરામ સુખમાંના પૂર્ણવિરામ દુઃખમાં, બસ સુખ કે દુઃખમાં અલ્પવિરામ મૂકી દે જીંદગી - **માનસ સૂત્ર**
- જ્યારે પણ લોકો તમારી ટીકા કરે ત્યારે નાસીપાસ ના થતા, બસ એટલું યાદ રાખજો દરેક રમતમાં હંમેશા પ્રેક્ષકો જ શોર મચાવતા હોય છે, રમતવીરો નહીં - **જાવેદ અખ્તર**
- જે પોતાની જાત ઉપર હસી શકે છે તેને કોઇ રડાવી શકતું નથી - **ચાર્લી ચેપ્લીન**
- કાર્યમાં ઇશ્વરનો સાથ જ જરૂર માંગો, પરંતુ ઇશ્વર કાર્ય કરી આપે તેવું ના માંગો - **સંત ફ્રાન્સીસ**
- જેમ પુષ્પમાં સુગંધ છે, અને અરીસામાં પ્રતિબિંબ છે, તેમ સાચા ઇન્સાન અંતરમાં પ્રભુનો વાસ છે - **સુફી સૈયદ**
- તર્ક ગણિત છે અને વિશ્વાસ અંદરથી, અંતરથી પ્રગટ થતી લાગણી છે, બંનેનો સુમેળ કરી શકનાર સફળ માનવી છે - **સોક્રેટીસ**

બોધ કથા

આજ તો સત્તા પરિવર્તન થયું નથી કે આગલા પ્રધાનશ્રીઓની ખાયકીની ફાઇલો ખૂલ્લી નથી! બદલો-વૈરભાવ આજના રાજકારણનો દિવ્યમંત્ર છે.

જિગર મુરાદાબાદીનો એક શેર છે :

ઉનકા જો ફર્ઝ હૈ વોહ એહલે સિયાસત જાને -
મેરા પયગામ મુહબ્બત હૈં - જહાં તક પહોંચે..

રાજકારણની રીત અને ફરજ રાજકારણી જાણે પર મારો સંદેશ તો પ્રેમનો છે અને પ્રેમ ફેલાવીને જ રહીશ..

જિગર મુરાદાબાદી એક શહેરમાં મિત્ર સાથે ફરવા નિકળ્યા - એક બગીમાં બેઠા. એમાં પહેલેથી જ એક-બે માણસ-યાત્રી બેઠા હતા.

જિગરને જોઇ પેલો એક યાત્રી ઉતરી જવા લાગ્યો. જિગર તેનો હાથ પકડી બેસાડી દીધો. પેલો આખો રસ્તો શરમથી આંખો ઝૂકાવી બેઠો રહ્યો.

જ્યારે મુરાદાબાદી અને મિત્રનું ઉતરવાનું સ્થળ આવ્યું ત્યારે ઉતરતાં જ મિત્રએ જીગરને પૂછ્યું પેલાની હરકત મને સમજાઇ નહીં!

જિગર કહે અગાઉ હું આ ઘોડાગાડીમાં બેઠો હતો ત્યારે એણે મારૂં પાકીટ ચોર્યું હતું. હું એને ઓળખી ગયો એટલે એ ભાગવા જતો હતો, મેં એને પ્રેમથી બેસાડી દીધો. એના પશ્ચાતાપ એની આંખ અને ચહેરા પર દેખાતો હતો...

Email - sureshchandrabhatt18@gmail.com

ભારતીય ટી.વી.શ્રેણીઓની દુનિયા- પરિવર્તન અને પુનરાવર્તન

ઈન્ડિયન ડાયસ્પૉરાની વાત કરીએ તો, દરેક સમાજ, સંસ્કૃતિની અસર આસપાસના પ્રદેશો ઉપર પણ એક સમાન રીતે પડતી જ હોય છે. એક અર્થમાં ટેલિવિઝન સીરિયલોને અને સેટેલાઈટ પ્રસારણોને દેશ-પ્રદેશ કે ભાષા-પ્રાન્તના વાડા અને ભેદભાવ કે સરહદોના સીમાડા પણ નડતા નથી. ભારતીય ટેલિવિઝનની સૌપ્રથમ સીરિયલ (શ્રેણી – ધારાવાહી) એટલે ''હમલોગ''. આ સીરિયલનું

નામ પડતાં જ કંઈ કેટલાંય સંસ્મરણો એને જોનારાઓનાં માનસપટ ઉપર તરવરી આવે. સને ૧૯૮૪ની આ વાત છે. આ સીરિયલ જોનારાઓ એ કાળખંડનાં યુવાન-યુવતીઓ આજે સને ૨૦૧૩માં વનપ્રવેશ કરી ગયા હશે, એટલે કે ઉંમરના ૫૦ વર્ષના પડાવને પાર કરી ગયા હશે યા તો પાર કરવાના તબક્કામાં હશે.

૨૧મી સદીના આરંભથી પ્રાઈવેટ સેટેલાઈટ ચેનલો અને ''ક્યોં કિ સાસ ભી કભી બહુ થી'' ફેઈમ નિર્માત્રી એકતા કપુરની ''કે'' અક્ષરથી શરુ થતા નામવાળી સામાજિક સીરિયલોનો ભારે દબદબો રહ્યો. ભારતીય સીરિયલો ભારત ઉપરાંત પાકિસ્તાન, અફઘાનિસ્તાન નેપાળ, બાંગ્લાદેશ, ભુતાન, ચીન સહિત સમગ્ર દક્ષિણ એશિયા, યુ.કે., યુ.એસ.એ., કેનેડા, યુરોપીય દેશો, દક્ષિણ આફ્રિકા અને છેક ઑસ્ટ્રેલિયા સુધી જોવાય છે. ભારતીય સામાજિક સીરિયલો સમાજના બધા જ વલણ, પ્રેમ, હિંસા, ધિક્કાર, ઘૃણા, સંબંધોનાં તાણાંવાણાં, એ બધું જ ખુલ્લેઆમ દર્શાવવા લાગી. એમ કહી શકાય કે, સીરિયલો માટે હવે કોઈ વાતનો છોછ રહ્યો નથી.

એકતા કપુર ફેઈમ સીરિયલોના આધારે ફેશન બને, ફેશન આઈકૉન અને ફેશન સ્ટેટમેન્ટ નક્કી થાય, એ જ તો સીરિયલોની સામાજિક અસરો છે. આ સીરિયલોએ સામાજિક ક્ષેત્રે સૌથી મોટું પરિવર્તન શું કર્યું, એ જાણો છો? ભલે પ્રતીકાત્મક કહેવામાં આવે, પરંતુ ૨૧મી સદીના આરંભ સાથે ઘરમાં નારીનું માન-સન્માન વધ્યું – ટી.વી.નું રિમોટ કન્ટ્રૉલ તો નારીના હાથમાં આવી જ ગયું! સ્ત્રીને પોતાની પસંદગીની સીરિયલો જોવાની તક કહો કે આઝાદી મળી. તમે નોંધ્યું હશે કે, વીસમી સદીના અંત ભાગ સુધી ડ્રૉઈંગ રુમમાં ગોઠવેલા ટી.વી.નો રિમોટ ઘરના પુરુષ પાસે જ રહે. પછી એ પિતા હોય, પતિ હોય, ભાઈ હોય કે પુત્ર હોય. આજે પ્રાઈમ ટાઈમમાં આવતી સીરિયલોના સમયે રિમોટ સ્ત્રીના હાથમાં આવી જાય છે!

''ક્યા હુઆ તેરા વાદા''નાં જુદાં જુદાં બે પેઢી સુધી ફેલાયેલાં પાત્રો હોય કે પછી ''બડે અચ્છે લગતે હૈ...''નાં પાત્રો હોય. પ્રિયા અને રામ કપુર તમને ભલે ફિટ કે મિસ-ફિટ લાગે, પરંતુ દુનિયાભરની ઈન્ડિયન ઑરિજીન મહિલા આ સીરિયલોના એપિસૉડ જોવાનું ચુકતી નથી. ટી.વી. શ્રેણીઓ ફેશનનો વાયરસ પણ બહુ ઝડપથી ફેલાવે છે. હેરસ્ટાઈલ, ડ્રેસિંગ, મેક-અપ, ખાસ પ્રકારની બિન્દી, ખાસ શૅડની લિપસ્ટિક, પર્સ, બૅગ અને ઍર-બૅગ, સાડી યા ડ્રેસ, ફૂટવૅર, વૉક-સ્ટાઈલ, કમ્યુનિકેશન્સ સ્ટાઈલ, પ્રૉનાઉન્સેશન સ્ટાઈલ અને ઘણું બધું.



ગુલમહોર

- દિનેશ દેસાઈ

એકતા કપુરના ''ક્યોં કિ સાસ ભી કભી બહુ થી'' ફેઈમ રાજકોટ, ગુજરાતના બિઝનેસ ફેમિલી – વિરાણી પરિવારની માફક જ અન્ય નિર્માતાઓ પણ ગુજરાતી પરિવારો આધારીત કથાનક ઉપર પસંદગી ઉતારવા માંડ્યા. કથામાંનો પરિવાર યા તો ગુજરાતી હોય કે પછી પંજાબી. ટૂંકમાં પરિવારોના ડ્રૉઈંગરુમ અને બેડરુમની વાતો વાય.ટુ.કે.ના બીજા મિલેનિયમ (૨૧મી સદીના બીજા દસકા)ની સીરિયલોનો વિષય બની ગઈ. આ વિષયવસ્તુની સાથે પેલા ''વિષય'' (સેક્સ)ને પણ છાને ખુણે નહીં,

છડે ચોક પીરસવામાં આવતું થયું. ભારતીય હિન્દી સીરિયલોમાં ખુલ્લાપણું કૉસ્ચ્યુમ્સ્માં પણ જોવા મળે છે, તો ક્યાંક સંવાદોમાં પણ.

એક તબક્કે તો રાજકોટના વેફર વ્યવસાય સાથે સંકળાયેલા વિરાણી પરિવારે ''ક્યોં કિ સાસ ભી કભી બહુ થી''માં પોતાના જ સંયુક્ત પરિવારની કથા રજૂ કરવા બદલ કાનૂની કાર્યવાહી કરવાની વેળા પણ આવી હતી. આ સીરિયલની સમગ્ર જનસમાજ ઉપર, પરિવારોમાં બહોળી અને ઘેરી અસર પડી. સાસુ-વહુ વચ્ચેના સંબંધો, પિતા-પુત્ર વચ્ચેના સંબંધો, ભાઈ-ભાઈ વચ્ચેના સંબંધો, દેરાણી-જેઠાણી વચ્ચેના સંબંધો, એમ વર્ટિકલ ઍન્ડ હૉરિઝૉન્ટલ લેવલે ૩૬૦ અંશના ખુણે સંબંધોની બારીકાઈને ખુબ નજીકથી આ સીરિયલમાં બતાવવામાં આવી. સવાલ એ છે કે, આપણે સીરિયલોમાંથી કે સર્જાતા સાહિત્યમાંથી શું શીખીએ છીએ. કોઈ પણ બાબતમાં હકારાત્મક અસરો પણ જોવા મળે છે, તો નકારાત્મક અસરો પણ સમાજ ઉપર પડતી જોવા મળતી હોય છે.

ફિલ્મકારો અથવા ટી.વી.શ્રેણી બનાવનારાઓ હંમેશા અખબારોના તંત્રીઓ જેવો જ જવાબ સામાજિક ઉત્તરદાયિત્વ વિશે આપે છે કે, ''દર્શકોની માગ છે, તેથી અમે આ પ્રકારનું સર્જન આપીએ છીએ અને આખરે તો આ (સીરિયલો) સમાજનું જ પ્રતિબિંબ છે ને.'' તો, બીજી તરફ દર્શકોનો મોટો સમુદાય હંમેશા કહે છે કે, ''અમારી પાસે રિમૉટથી ચેનલ બદલવા સિવાય બીજો કોઈ વિકલ્પ હોતો નથી અને બધે એક સરખા પ્રકારની સીરિયલો જ ચાલતી હોય છે.''

મહત્વની વાત એ છે કે, જો એક વર્ગ એવું કહેતો હોય કે, એકતા કપુર ફેઈમ, એટલે કે એ પ્રકારની ફૉરવર્ડ અને બૉલ્ડ પ્રકારની બિન્ધાસ્ત વિષયવસ્તુ દર્શાવતી સીરિયલો સમાજમાં ભૂકંપ સર્જે છે, અને લગ્નબાહ્ય સંબંધોની વણઝાર નોંતરે છે, તો એવો સવાલ પણ કરી શકાય કે, તો પછી ''રામાયણ'' અને ''મહાભારત'' જેવી સીરિયલો જોઈને લોકો ''રામ'' અને ''કૃષ્ણ'' જેવો વ્યવહાર કરવાનું કેમ શીખતા નથી. દૃષ્ટિ-દૃષ્ટિમાં ભેદ હોય છે, ફરક હોય છે. તમે શું જુઓ છો, એ મહત્વનું નથી, પરંતુ તમે જે કંઈ જુઓ છો, એમાંથી શું ગ્રહણ કરો છો, એ મહત્વનું છે.

ભારતવર્ષની સૌપ્રથમ સૉપ-ઑપેરા (લાંબી શ્રેણી) ''હમલોગ'' સને ૧૯૮૪માં દૂરદર્શન પરથી પ્રસારીત થતી. ૨૫ મિનિટની લંબાઈની આ શ્રેણી દર અઠવાડિયે ૧૫૪ સપ્તાહ સુધી પ્રસારીત થઈ. આજના ડેઈલી સૉપ-ઑપેરા સોમવારથી શનિવાર કે પછી સપ્તાહમાં ૪ દિવસ આવે. એમાં પણ પુનઃ પ્રસારણ દિવસભર ચાલતું હોય. પરંતુ એ જમાનામાં ''હમલોગ'' સીરિયલે કરોડો દર્શકો અને સૌથી લાંબી શ્રેણી (૧૫૪ હપ્તા) તરીકે એક રેકૉર્ડ પણ પ્રસ્થાપિત કર્યો. આ સીરિયલે દેશના કરોડો લોકોને જકડી રાખ્યા. સમાજનું વૈમનસ્ય ભુલવા મજબૂર પણ કર્યા. આ જ અરસામાં ''નૂક્કડ'' નામની સીરિયલ પણ આવી. જેણે દેશના સાધારણ મધ્યમ વર્ગનું – છેવાડાના માણસનું પ્રતિનિધિત્વ કર્યું. સન્મુખ દેખાતા હાસ્યની પાછળના વિષાદનું ચિત્રણ દેશભરના લોકોને પોતાનું લાગ્યું.

ટી.વી. સીરિયલોની સામાજિક અસરો તો સમગ્ર સમાજ અને દેશ ઉપર પડતી હોય છે. સાથે સાથે એક આખી પેઢી, દેશના એક ચોક્કસ કાળખંડના નાગરિકોનું ઘડતર, નીતિનિર્ધારણ, માનસ અને શિક્ષણવ્યવસ્થાનું પણ ઘડતર થતું રહે છે. યા તો એમ કહી શકાય કે, ટી.વી. સીરિયલોની સમાંતરે સમગ્ર પરિવેશને અસર પહોંચતી રહે છે. સામાજિક અસરોની સાથે સાથે ટેકનૉલોજીના ક્ષેત્રે પણ અસર જોવા મળે છે. ટેકનૉલોજીનું અંતિમ બિન્દુ પણ માણસ જ છે. આથી જનસમુદાયને ટેકનૉલોજીકલ અસરોથી જુદા રાખી શકાય નહીં. સને ૧૯૮૫થી સને ૧૯૯૦ની આસપાસ જન્મેલા અને તે પછી જન્મેલા તમામ માટે ટી.વી.ની બ્લેક ઍન્ડ વ્હાઈટ દુનિયાની વાત સરપ્રાઈઝિંગ જ લાગશે. કેમ કે, આજે તો સ્માર્ટ ફોન અને નોટમાં પણ એક ક્લિકથી કલર ટી.વી. પ્રૉગ્રામ જોઈ શકાય છે.

આજના જેવી ઝડપ ટેકનૉલોજીની ક્રાન્તિમાં અગાઉ નહોતી, એથી જ તો દેશમાં ટેલિવિઝન પ્રસારણનો પાયો નખાયો, સને ૧૯૫૯માં અને ટી.વી. પ્રસારણ લોકભોગ્ય બન્યું છેક સને ૧૯૮૨માં. આ વર્ષે ભારતે એશિયાડ ગેમ્સનું યજમાનપદ સ્વીકાર્યું અને ખરીદી શકે એવા પરિવારોના ઘરોમાં ટી.વી. સેટ્સ ડ્રૉઈંગ-રૂમની શોભા બન્યા. એ અગાઉનાં વર્ષોમાં પ્રયોગો અને પરીક્ષણો તથા અઠવાડિક અને પછી સપ્તાહમાં બે અને ચાર વાર માત્ર સમાચાર અને શૈક્ષણિક કાર્યક્રમોનું શ્વેત-શ્યામ પ્રસારણ થતું. એશિયાડ નિમિત્તે ભારત સરકારે રંગીન પ્રસારણ શરુ કર્યું.

આજે વાય.ટુ કે.ના ફર્સ્ટ મિલેનિયમ પછી સને ૨૦૧૩માં ટી.વી.ની દુનિયા કેવી બદલાઈ ગઈ છે, એનો ખ્યાલ આપવા માટે એક જ દૃષ્ટાન્ત પુરતું છે કે, ૧૯૮૦ના દસકના આરંભ (સને ૧૯૮૨) સુધી ભારત દેશમાં માત્ર બ્લેક ઍન્ડ વ્હાઈટ ટી.વી. જ હતાં. તમે વિદેશથી કલર ટી.વી. લાવ્યા હોય તો પણ પ્રસારણ તો શ્વેત-શ્યામ જ. ૧૯૮૦ના દસકના અંત ભાગ સુધી (૧૯૯૦ના વર્ષ સુધી) દેશના બધા લોકો પાસે ટી.વી. નહોતાં. જેમના ઘરે ટી.વી. હોય એ સ્ટેટ્સ સિમ્બોલ જ ગણાય. એંસીના દસકના અંત ભાગથી એટલે કે સને ૧૯૯૦ અને સને ૧૯૯૧થી લોકો ધીમે ધીમે ટી.વી.સેટ્સ વસાવવા માંડ્યા. આજે એલ.સી.ડી. અને એલ.ઈ.ડી. તથા પ્લાઝમા ટી.વી. આવી ગયાં અને લોકો વસાવવા પણ લાગ્યાં. આ ટી.વી. સેટ્સ પરથી સમાજમાં લોકો એકમેકનો મોભો પણ નક્કી કરતાં હોય છે. શું આ પણ ટી.વી.ની ઑફ્ફ સ્ક્રિન – સામાજિક અસર નથી? ટી.વી. સેટ્સે હવે તો કારમાં પણ પોતાની જગ્યા બનાવી લીધી છે. એ પણ એક સામાજિક બદલાવ જ છે ને.

ભારતની સૌપ્રથમ ટી.વી. સીરિયલ ''હમલોગ'' (૧૯૮૪) અને ''બુનિયાદ'' (૧૯૮૪-૮૫) ગણી શકાય. જેની સામાજિક અસરો વિશે આપણે વાત કરી. હાસ્ય-વ્યંગલેખક તરીકે જાણીતા શરદ જોશીએ લખેલી ''યહ જો હૈ જિંદગી'' (૧૯૮૪) સીરિયલ દેશના મધ્યમ વર્ગના સામાન્ય પરિવારોના ચહેરા પાછળની વિડંબના રજૂ કરતી. આ સીરિયલોની લોકપ્રિયતાનું સાચું કારણ એ જ હતું કે, કરોડો દેશવાસીઓને એમ લાગતું હતું કે, આમાં પોતે પણ ક્યાંક છે! જાણે આ વાર્તા પોતાની જ હોય. કોઈ એક જનસમાજને ફૉકસ કરતી હોવા છતા આવી સીરિયલો એક સાથે દેશના દરેક વર્ગ, દરેક જૂથ,

દરેક ધર્મ, દરેક કોમ અને દરેક જનસમુદાયને કઈ રીતે આકર્ષી શકે? એ સવાલમાં જ એની સામાજિક નિસબત સમાયેલી છે.

(ક્રમશઃ)

પિતાનાં સંસ્કાર વારસાનું જતન કરતા શ્રી રાજેન્દ્રભાઈ દ્વિવેદી

કળિયુગ સારો જ છે. આપણા વિચારો સકારાત્મક હોય અને પરિવાર સંસ્કાર, ગુણ, નીતિમત્તાથી સભર રહે. ત્યાં સુખ, સમૃદ્ધિ અને શાંતિ હોય જ, એમાં કોઈ સંદેહ નથી. કળિયુગમાં પણ લાખો પરિવારો ખૂબ સુખી છે જ. એક એવા અંતરથી સુખી અને ઉમદા વિચારોના ધની શ્રી રાજેન્દ્રભાઈ ખેલશંકરભાઈ દ્વિવેદી છે.

સમતુલા જાળવી સૌ સાથે હળી મળીને રહેતા સૌમ્ય, શાંત વળી હસમુખા સ્વભાવના શ્રી રાજેન્દ્રભાઈ કોલેજ સુધી ભણ્યા છે. પિતા પાસેથી મળેલું જ્યોતિષ, વાસ્તુશાસ્ત્રનું અમૂલ્ય જ્ઞાન પોતાનામાં વિકસાવવું હતું. તેથી બેંકની નોકરી છોડી અને સકારાત્મક સર્જન તરફ વળ્યાં. તેમના ધર્મપત્નીએ રાજેન્દ્રભાઈની સાથે ખભેખભા મિલાવી પરિવારના માળાને ટહુકતો રાખે છે. પુત્ર વરૂણ અને પુત્રી જાનકી પણ પોતાના સંસાર-વ્યવહારમાં ખૂબ જ સુખી છે અને આગળ વધી રહ્યા છે. પૌત્ર-પૌત્રીતો જાણે વ્યાજ સમા છે અને તેથી તેઓ તેમના પર પણ વ્હાલની વર્ષા વરસાવી રહ્યા છે. જન્મપત્રિકા, લગ્ન મેળાપકનું તલસ્પર્શી માર્ગદર્શન આપવાનું શરૂ થયું.

રાજેન્દ્રભાઈના પિતા સ્વ. શાસ્ત્રી ખેલશંકર કુંવરજી દ્વિવેદી વ્યવસાયે ભાગવત કથાકાર અને જ્યોતિષી હતા. એમના સ્વર્ગવાસ બાદ એમના ઘડતરથી અને આશીર્વાદથી રાજેન્દ્રભાઈને જ્યોતિષીનો

મોંઘેરા મોતી

- નટવર આહલપરા

વારસો મળ્યો છે. એ વારસના જનત અને સેવા અર્થે ૧૯૭૬ થી તેઓ પોતાના વ્યવસાયમાં કાર્યરત છે અને છત્રીસ વર્ષથી જ્યોતિષ - વાસ્તુ અને **Dowsing** માં સકારાત્મક અને સફળતાપૂર્વક પ્રસ્થાન કરી રહ્યાં છે. અત્યાર સુધીમાં એક લાખથી વધુ જન્માક્ષરોનું ફળકથન કરવામાં આવ્યું છે. દોઢ દાખ યુવક-યુવતીના જન્માક્ષર લગ્ન માટે મેળવી, ઉચિત માર્ગદર્શન કર્યું છે. સો કારખાનાઓ, પાંચસો મકાનો દકાનોની વાસ્તુવિદ્યા પ્રમાણે તલસ્પર્શી તપાસ કરી યોગ્ય દિશા ચિંધી છે.



જયોતિષી ક્ષેત્રે માત્ર રાજેન્દ્રભાઈ જ એવા જ્યોતિષી છે કે તેઓએ જન્માક્ષર, મેળાપકના સોફ્ટવેર સંપૂર્ણ રીતે ગુજરાતી ભાષામાં તૈયાર કર્યા છે. આ પ્રક્રિયા એકવીસ વર્ષથી કાર્યાન્વિત છે. રાજેન્દ્રભાઈએ પોતાના વ્યવસાયની કાયરેય પણ જાહેરાત કરી નથી. સૌમ્ય, શાંત, મિલનસાર અને સૌ સાથે સ્નેહસંબંધ જાળવી આગળ વધતા તેઓ કહે છે કે, ''અમે સમાજના સહકારથી આ મુકામ પર પહોંચી સંતોષ લઈ રહ્યા છીએ.''

તાજેતરમાં જ એટલે કે, તા. ૧૫-૦૮-૨૦૧૨ના રોજ સ્વાતંત્ર્ય દિને સાંસ્કૃતિક રાજકોટ નગરીના જન્મદિને 'નાગરિક ઉત્સવ-૨૦૧૨' ના એવોર્ડથી રાજકોટના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. અને તે ઐતિહાસિક અને યાદગાર ક્ષણોને સૌએ બિરદાવી હતી.

કવિ રાજેન્દ્ર શાહની સુંદર, પ્રેરક પંક્તિઓ શ્રી રાજેન્દ્રભાઈને ભેટ આપીએ... કોઈ તો રાચે છે વેળુ છીપથી

કોઈ તો જળને હિલ્લોળજી,
માથા સાથે મોતી મોલજી

સમાજની સેવા માટે સતત મરજીવો બની સેવા કરી રહેલા રાજેન્દ્રભાઈને અનેકાનેક શુભેચ્છા, અભિનંદન. તેઓનો મો. નં. ૯૯૭૮૯૦૧૫૧૨.

રસ્તા બદલીએ, મકાન બદલીએ શહેર બદલીએ પરંતુ અભિગમ દૃષ્ટિકોણ ન બદલીએ તો સ્નેહના ઝાંઝવા જ હાથમાં આવે છે...

માછલીની સુગંધ અને ગુલાબની દુર્ગંધ

વિચાર યાત્રા

- ડો. જય ઓઝા

સ્વ. પૂ. રવિશંકર મહારાજની વાર્તાથી આજની વિચારયાત્રા શરૂ કરીએ.

બંગાળમાં ત્રણ માછલો માછલીઓ ટોપલામાં ભરીને માથે ઉપાડીને બજારમાં જઇને વેચવાનું કામ કરતી. એક દિવસ માછલા વેંચીને પાછી આવતી હતી તેવામાં ધોધમાર વરસાદમાં સપડાઇ, રાત પડી ગઇ અને તે આગળ ચાલી શકે એવી રસ્તાની સ્થિતિ નહોતી. નજીક કોઇ ઘરમાં અજવાળું દેખાયું. માલિક દયાળુ હતો. તેણે ત્રણેય બહેનોને રાત એક ઓરડીમાં સૂવાની વ્યવસ્થા કરી આપી. તેઓ સૂઇ પણ ગયા...

પરંતુ એકને ઊંઘ આવી નહીં. રાત્રે પથારીમાંથી ઊભા થઇને તેણે આમથી તેમ ફરવા માંડ્યું.

ઘર માલિકને ખબર પડી એટલે તેણે આવીને પૂછ્યું કે "રાત હજી ઘણી બાકી છે, તો તમે ઉઠ્યા કેમ?" શું મારા ઘરમાં કોઇ અગવડ છે જે તમને નડતી હોય? ત્યારે પેલી બહેને સંકોચાતા કહ્યું કે, "ના, ના તમારો ઘણો આભાર કે આવી રાતે તમે અમને આશરો આપ્યો, પણ તમારા ઘરમાં અમને ઊંઘ નથી આવતી, માફ કરજો પણ અમને અહીં દુર્ગંધ આવે છે અને આ દુર્ગંધે મારી ઊંઘ હરામ કરી નાખી છે. માલિકને ખૂબ જ નવાઇ લાગી." મારો તો માળીનો ધંધો છે,મારે ઘેર દુર્ગંધ ક્યાંથી હોય? જુઓ તમારા સત્કારમાં તો મેં આ ખૂણામાં ગુલાબના ફુલ ગોઠવ્યા છે.' તરત જ માછણો એ તે ગુલાબ તરફ આંગળી ચીંધીને કહયું, 'બસ, એ ગુલાબ જ ભારે દુર્ગંધ મારે છે... અમને એ સહન થતા નથી...' માળી એની વાત સાંભળીને શું કહે?

વ્યક્તિ ઉપર તેમજ વ્યક્તિત્વ ઉપર વાતાવરણની અસર મોટી છે સુગંધ કોને કહેવાય? દુર્ગંધ કોને કહેવાય? માછણ માટે સડેલા માછલાઓની વાસ એ સુગંધ, જ્યારે ગુલાબોની સુવાસ એ દુર્ગંધ.

માળી માટે ગુલાબો એ સુગંધ અને માછલા દુર્ગંધ. તો સુગંધ કેવી દુર્ગંધ કેવી? જેવું નાક, જેવી ટેવ, જેવો રિવાજ. જે નાક ગુલાબોની સોબતથી ટેવાયેલા છે, તેને ગુલાબની હવા ગમે, અને જે નાક માછલીઓની વચ્ચે જ ઘડાયું હોય તેને માછલીઓની હવા ગમે. જેવી ટેવ તેવી રૂચિ...

આપણે નાનપણથી જોયું હોય, સાંભળ્યું હોય, અનુભવ્યું હોય, એ બધું સારૂં કહેવાય, અને બીજું બધું... દુર્ગંધ. એટલે આપણા વિચારો સાચા, રિવાજો સાચા, દૃષ્ટિ સાચી.

હા! બધા માળીઓ કહે કે ગુલાબની સુગંદ જ છે... પણ માછણોનું શું? આપણાથી જુદા વાતાવરણમાં, રીતરિવાજોમાં ઉછરેલા તેમનું શું? તેમનું નાક જુદું અને આપણું જુદું. આપણી સુગંધ તેની દુર્ગંધ પણ બને... અને દુર્ગંધ સુગંધ બને...

એટલે જરા નમ્ર બનીએ, આ ફુલ આપણને ગમે અને પાસે રાખવું છે, તો તેની ના નથી. પણ આ જ ફુલ બધાને ગમવું જ જોઇએ. તેવો દુરાગ્રહ ના રાખો.

લોકોને જોવાનો તેમને પારખવાનો દૃષ્ટિકોણ આપણે કોઇ પૂર્વગ્રહયુક્ત રાખીશું તો ચોક્કસ સામેની વ્યક્તિ બૂરી લાગશે...

આપણે સમાજમાં જીવીએ છીએ... પામર મનુષ્ય છીએ... બધા તરફ સમદૃષ્ટિથી જોવાની વિશાળ હૃદયી કેળવણી હજી ના કેળવી શક્યા હોઇએ તે સ્વાભાવિક છે...

અને ખરૂ જોઇએ તો આ સ્વાર્થી અને ક્રૂર દુનિયાના ખરાબ અનુભવો પછી એ જ વ્યક્તિ માટે નમ્ર અને સદ્‌ભાવના આપણે અનુભવીએ તે બાબત અશક્ય છે... પડતા પર પાટુ મારવાવાળા લોકો પ્રત્યે તો **Tit for Tat** નો જ સિદ્ધાંત આવશ્યકત છે.

પરંતુ અહીં વાત છે, એવી પરિસ્થિતિઓની કે એવા વ્યક્તિની કે જેને આપણે હજી સુધી મળ્યા જ નથી, તેના વિશેના આગોતરા અભિપ્રાય બાંધી દઇને આપણે ઉપરવાળાની સર્જક્તા પર પ્રશ્ન ઉઠાવીએ છીએ. આવતીકાલે જે પરિસ્થિતિ આવવાની છે અથવા જે વ્યક્તિને મળવાનું છે, તેની માટે નકારાત્મક વલણ બાંધી દઇએ આપણે તેનું અને આપણું બંનેનું બુરૂ કરીએ છીએ...

વાસ્તવમાં આપણી આખી જિંદગીની દડમજલ શાની માટે હોય છે! કોઇ પોતીકાની આશમાં, વાત્સલ્યની તલાશમાં, નિઃસ્વાર્થી પળોનાં સહવાસમાં એવો માળો બાંધવાના યત્નમાં જીવન પુરૂ થઇ જાય છે...

પરંતુ આપણી દોડ આપણા સુધી જ આવીને પાછી અટકી જાય છે... ખરેખર તો આપણે જે હોઇએ જેવા હોઇએ તેવા જ લોકો આપણને ભટકાય છે... પરંતુ માછલાની દુર્ગંધ આપણે અપનાવી શકતા નથી અને ગુલાબની સુવાસ તેઓ લઇ શકતા નથી.

મારી તમારી આપણા સૌની એકમાત્ર અભિલાષા સાચા, સારા, માયાળું લોકોનો સહવાસ ઝંખવાની હોય છે... પણ કદાચ આપણે હજુ સફળ ન થયા તેનું કારણ આપણો અભિગમ તો નહીં હોય... શુભ, લાભ ને અંદર લઇ આવનારી, બારીઓ આપણે સજ્જડ બંધ કરી દીધી છે... અને શક, અવિશ્વાસ, દંભના દ્વાર ખુલ્લા રાખીને પરિસ્થિતિ અને માણસોને મૂલવતા હોઇએ તેવું પણ બને... રમેશ પારેખની એક કવિતા અહીં યાદ આવે છે... આમ તો આ નિરાશાનું ગીત છે... નિઃશ્વાસની કવિતા છે... પરંતુ આપણને વાંચીને કદાચ એ અશક્યતાઓમાંથી શક્યતા નિરાશામાંથી આશા અને નિઃશ્વાસમાંથી પ્રાણવાયુ મેળવી લેવાની આવડત કેળવતા આવડે...

(અનુસંધાન પાના નં. ૬ પર)

આશા છે તો જીવન છે

જિંદગી સાથેનો સંઘર્ષ, છિન્નભિન્ન થયેલી જિંદગીને જ નહિ, માનવીને પણ સાચવી લેતો હોય છે. સમદૃષ્ટિ માનવીને વિકાસના પંથે લઈ જાય છે. નવી દિસાઓ, જિંદગીનો નવો વળાંક આપોઆપ આપણી જિંદગીને બદલી નાખે છે. શ્રદ્ધાની જ્યોતિ માનવી પોતે જ બની જાય છે.

સંસ્કારી રૂઢિગત કુટુંબની પુત્રી આશાનો જન્મ તો અમદાવાદમાં થયો હતો. એનો ઉછેર પણ અહીં જ થયો.

જ્યારે આશા બાવીસ વર્ષની હતી ત્યારે એક ટ્રેઈનની મુસાફરીમાં એનો પરિચય લેફ્ટેનન્ટ વિજય ભટ્ટ સાથે થયો. એ સમયે વિજય ભટ્ટ મિલિટરીમાં એન્જિનિયર હતા. બે વર્ષ પછી તેઓ કેપ્ટન બની ગયા. ત્યાં સુધી બંને લગ્નગ્રંથિથી જોડાઈ ગયા હતા.

પછી તો આશા બે બાળકોની માતા બની. જાત જાતના નાટકોનાં સ્ટેજ-શૉ, ફૅશન-શૉ, જાણીતાં નાટકોની 'પૅરડી' રજૂ કરીને તે સૈનિકોનાં કુટુંબોનું મનોરંજન પણ કરતી હતી.

ગંગટોકમાં વિજય ભટ્ટની નિમણૂંક થઈ, પણ ત્યાંથી આબોહવા વિજય ભટ્ટને માફક ન આવતાં એમની 'કિડની' ફેઈલ થઈ ગિ. કુટુંબ આ મુશ્કેલીમાં તો હતું ત્યાં જ વિજય ભટ્ટને નોકરીમાથી નિવૃત્ત કરી દેવામાં આવ્યા. હવે મુશ્કેલી વધી ગઈ. કુટુંબનું ભરણપોષણ અને મોંઘી સારવારનો ખર્ચ.

છતાં આશા ગભરાઈ નહિ. નવરાશમાં નાના મોટા એ દિવસોમાં યાદ કરીને આશા કહે છે કે, 'અમે બંને જણ જાણતાં હતા કે આવો અંત ગમે ત્યારે આવી શકે છે, પરંતુ બંને બચેલા જીવનને પૂરી રીતે માણી લેવા માગતા હતા. અસ્વસ્થ હોવા છતાં પણ હરવું-ફરવું, પિકનિક-પાર્ટીઓમાં જવું - આ બધું એમને રોમાંચિત કરતું હતું. આ બધો રંગોત્સવ કોણ જાણે કયાં ખોવાઈ ગયો. દરેક ક્ષણ જિંદગીથી ભરપૂર હતી અને મોતથી પણ.



પોઝિટિવ થિન્કિંગ

યશવંત કડીકર

મૃત્યુ દરેક ક્ષણે સાથે હતું. એની વચ્ચે આ યુગલ હતું. આશા હસીને કહે છે - ત્રીજા મિત્રની જેમ હું એના માટે તૈયાર હતી, કારણ અચાનક છૂટાં પડવું વધુ દુઃખદાયી હશે.'

આજે તો આશા નવો વિકાસ સાધી રહી છે. એની યોજના દેશભરમાં ટુરિઝમનો વિકાસ કરવાની છે.

આશા માને છે કે પરિસ્થિતિઓ પર વિજય ત્યારે જ હાંસલ કરી શકાય છે, જ્યારે વ્યક્તિ તન અને મનથી સ્વસ્થ હોય.

૫૦ વર્ષથી આશાએ અનેક સિદધિઓ હાંસલ કરી છે. ૧૯૯૬ માં એણે લશ્કર દ્વારા બરેલીમાં આયોજિત ઘોડ-દોડમાં એકલી મહિલા ઘોડેસવાર હોવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે.

ઘોડ-દોડનો માર્ગ ૮૦ કિલોમીટર લાંબો હતો. જેમાં ખાડા, ટેકરા, નદી અને પહાડમાં થઈને રસ્તો જતો હતો. એણે પાંચ કલાક ત્રીસ મીનીટમાં પાર કરી વિક્રમ તોડ્યો.

ચાર કૂતરા, બે ઘોડા તથા વેપારની દેખરેખ પછી પણ આશાની પાસે મિત્રો અને હિતેચ્છુઓ માટે હંમેશા સમય રહે છે. જીવનના વળાંક પર આશા હવે પોતાના સિદ્ધાંત પર જીવવા માગે છે. ગુર્જર નારીની આ ગૌરવગાથા આપણી બીજી બહેનોનાં જીવનમાં પ્રેરણાદાયી તો બનશે જ. પણ સાથે એમનાં જીવનમાં 'પરિવર્તન' પણ લાવશે.